## પડઘા નજીક ટેક્સટાઇલ ગોડાઉનમાં ભીષણ આગ

**મશીનરી** બળીને ખાખ થઈ ગઈ, 4 કરોડનું નુકસાન



નવસારી: નવસારી જિલ્લાના પડઘા ગામે ધોળા પીપળા ચોકડી નજીક આવેલી રોયલ ડ્રેગન ટ્રેડકોમ પ્રાઇવેટ લિમિટેડના ટેક્સટાઇલ મશીનરીના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળતાં અંદાજે રૂ. 4 કરોડનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

આગની જાણ થતાં નવસારી અને કામરેજ ફાયર વિભાગની કુલ ચાર ફાયર ટેન્ડર ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

ગોડાઉનના માલિક પ્રણવભાઈ પટેલના જણાવ્યા મુજબ, ગોડાઉનમાં રહેલી મશીનરી અને અન્ય સામગ્રી બળીને ખાખ થઈ ગઈ છે. પ્રાથમિક તબક્કે આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા ફાયર વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી



## નવસારીની ખાડીમાં જળકુંભીનું રાજ: રોગચાળાની ભીતિ

**રુસ્તમ** વાડી-વિરાવળ માર્ગ પર પાણીના નિકાલ સામે જોખમ?

નવસારીઃ નવસારી શહેરના રિંગ રોડ પર રુસ્તમવાડીથી વિરાવળ તરફ જતા માર્ગની બાજુમાં આવેલી ખાડી આજે જળકુંભીના ઘનિષ્ઠ આવરણથી ઢંકાઈ ગઈ છે. ખાડીનું અસ્તિત્વ જાણે લીલી ચાદર નીચે દબાઈ ગયું હોય તેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે. વરસાદી ઋતુ દરમિયાન પાણીના નિકાલ માટે મહત્વપૂર્ણ ગણાતી આ ખાડી હાલ ગંદકી, દુર્ગંધ અને જળકુંભીના કબજામાં હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ખાડીમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાતી હોવાથી આસપાસના રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ, જળકુંભીના કારણે પાણીનો પ્રવાહ અવરોધિત થવાની શક્યતા વચ્ચે ભારે વરસાદ પડે તો પાણી ભરાવાની સ્થિતિ સર્જાય તેવી આશંકા પણ વ્યક્ત થઈ રહી છે. સ્થિર પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવાની ભીતિ પણ સ્થાનિકોમાં જોવા મળી રહી છે. રહીશોનો આક્ષેપ છે કે અનેક વખત તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં ખાડીની સફાઈ માટે કોઈ અસરકારક કાર્યવાહી જોવા મળી નથી. સ્થાનિકોએ તાત્કાલિક જળકુંભી દૂર કરી ખાડીને મૂળ સ્વરૂપમાં લાવવા, પાણીના નિકાલને સુચારુ બનાવવા અને મચ્છરજન્ય રોગચાળાને રોકવા માટે અસરકારક કામગીરી હાથ ધરવાની માંગ કરી છે.

## નવસારી મનપાના રાહત કેમ્પના ભોજનમાં ઈયળ નીકળ્યાનો આક્ષેપ

**સત્તાધીશો** ભોજનની ગુણવત્તા ચકાશે તે જરૂરી, પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ સામે પણ લોકોની નારાજગી



નવસારીઃ પૂરની પરિસ્થિતિને પગલે નવસારી મહાનગરપાલિકા દ્વારા ટાટા સ્કૂલ ખાતે શરૂ કરાયેલા આશ્રયસ્થાનમાં ભોજનની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થયા છે. આશ્રયસ્થળે રહેલી એક સગર્ભાને આપવામાં આવેલી વઘારેલી ખીચડીમાં કથિત રીતે મરેલી ઈયળ મળી આવ્યાનો આક્ષેપ થતાં અન્ય આશ્રયાર્થીઓમાં પણ ચિંતા જોવા મળી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ઘટનાની જાણ સંબંધિત અધિકારીઓને કરવામાં આવી હતી. ત્યારબાદ ભોજનની ગુણવત્તા અને વ્યવસ્થાને લઈને ચર્ચા શરૂ થઈ હતી. આશ્રયાર્થીઓનું માનવું છે કે રાહત કેમ્પમાં પીરસાતા ભોજનની ગુણવત્તા અંગે વધુ સાવચેતી રાખવામાં આવે તો આવી સ્થિતિ ટાળી શકાય.

આ ઉપરાંત, શહેરમાં સિંગલ-યૂઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ હોવા છતાં રાહત કેમ્પમાં પ્લાસ્ટિકના વાસણોનો ઉપયોગ થતો હોવાનું પણ ધ્યાન પર આવ્યું છે. આ મુદ્દે પણ નિયમોના અમલ અને વ્યવહારુ જરૂરિયાત વચ્ચે સંતુલન અંગે ચર્ચા થઈ રહી છે.

સ્થાનિકોએ સમગ્ર ઘટનાની યોગ્ય તપાસ કરી જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવે, ભોજનની ગુણવત્તા પર વધુ દેખરેખ રાખવામાં આવે અને આશ્રયસ્થાનોમાં રહેતા નાગરિકોને સ્વચ્છ તથા સુરક્ષિત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

## ભરણપોષણની રકમ ન ચૂકવનારાના ઘરનું તાળું તોડી મિલકત જપ્ત કરો

**એન્જિનિયર** પતિના બેંક ખાતમાં માત્ર 206 ઉપલબ્ધ હતા, રૂ. 55 હજાર વસૂલવા ફેમિલી કોર્ટે મિલકતની હરાજી કરવાનો આદેશ આપ્યો

નવસારીઃ ભરણપોષણ અને કેસના ખર્ચની બાકી રહેલી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલા વલસાડના એક એન્જિનિયર પતિ સામે નવસારી ફેમિલી કોર્ટે કડક કાર્યવાહીનો આદેશ આપ્યો છે.

અદાલતે બેલિફને પતિના ઘરનું તાળું તોડી જંગમ મિલકત જપ્ત કરી જરૂર જણાય તો તેની હરાજી કરીને રૂ. 55,260ની બાકી રકમ વસૂલવાનો નિર્દેશ કર્યો છે.

કોર્ટમાં રજૂ થયેલા કેસ મુજબ, વર્ષ 2021માં લગ્ન થયેલા દંપતી વચ્ચે મતભેદ સર્જાતા પત્ની અલગ રહેવા લાગી હતી. ત્યારબાદ પત્નીએ ભરણપોષણ માટે અરજી કરતાં ફેમિલી કોર્ટે પતિને દર મહિને ભરણપોષણની નિર્ધારિત રકમ ચૂકવવાનો આદેશ કર્યો હતો. લાંબા સમય સુધી અદાલતના આદેશનું પાલન ન થતાં પત્નીએ બાકી રકમની વસૂલાત માટે રિકવરી અરજી દાખલ કરી હતી.

અદાલત દ્વારા રિકવરી પ્રક્રિયા હાથ ધરાતા પતિના બેંક ખાતાની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાતામાં માત્ર રૂ. 206 જ ઉપલબ્ધ હોવાનું સામે આવ્યું હતું. બેંક ખાતામાંથી વસૂલાત શક્ય ન બનતાં અરજદાર પક્ષે જંગમ મિલકત જપ્ત કરી વસૂલાત કરવાની માંગ કરી હતી.

અરજદાર તરફથી એડવોકેટ કનુ સુખડિયાની રજૂઆત બાદ ફેમિલી કોર્ટે અરજી મંજૂર કરી બેલિફને કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. આદેશ મુજબ જરૂર પડે તો ઘરનું તાળું તોડી અંદરની જંગમ મિલકત કબજે કરી તેની હરાજી દ્વારા બાકી રકમ વસૂલવામાં આવશે.

## ઉમરગામનો કચરો નારગોલ દરિયા કિનારાને ગંદકીગ્રસ્ત બનાવે છે: સરપંચ

**નારગોલના** સરપંચે કલેક્ટર સહિત સંબંધિત અધિકારીને પત્ર પાઠવી તાત્કાલિક ગંદકી દૂર કરવા રજૂઆત કરી



ઉમેશ સોલંકી

ઉમરગામઃ ઉમરગામ નગરપાલિકા દ્વારા ખાંજણ વિસ્તારમાં શરૂ કરાયેલી ડમ્પિંગ સાઈટનો કચરો તણાઈને નારગોલ સહિત આજુબાજુના દરિયા કિનારે આવી પથરાતો હોય તાત્કાલિક બંધ કરવાની માંગણી નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વિટીબેન યતીનભાઈ ભંડારી દ્વારા કરવામાં આવી છે

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગર, વલસાડ જિલ્લા કલેકટર, વલસાડ જિલ્લા વિકાસ અધિકારી, ઉમરગામ નગરપાલિકાના ચીફ ઓફિસરને નારગોલ ગ્રામ પંચાયત દ્વારા એક પત્ર લખવામાં આવ્યો છે અને જણાવવામાં આવ્યું છે કે ઉમરગામ નગરપાલિકાના દ્વારા ઉમરગામ નારગોલ કોસ્ટલ હાઈવેને અડીને ખાંજણ વિસ્તારમાં કચરા માટે ડમ્પિંગ સાઈટ શરૂ કરવામાં આવી છે. મોટી ભરતી અને ચોમાસા દરમિયાન ડમ્પિંગ સાઈટનો કચરો તણાઈને નારગોલ સહિત આજુબાજુનાં ગામના દરિયા કિનારે પથરાઈ જાય છે અને કિનારા ઉપર જ્યાં નજર કરો ત્યાં પ્લાસ્ટિક અને કચરો જોવા મળે છે. નારગોલ પ્રવાસન સ્થળ હોવાથી રોજિંદા હજારો પ્રવાસીઓ ફરવા આવે છે. દરિયાકિનારો સ્વચ્છ રાખવા માટે પંચાયતને સમગ્ર વર્ષ દરમિયાન ભારે જહેમત અને આર્થિક બોજ ઉઠાવવો પડે છે. પ્લાસ્ટિક પ્રદૂષણને કારણે માછીમારોની જાળમાં માછલીઓને બદલે પ્લાસ્ટિકનો કચરો ફસાય છે, જાળને નુકસાન થાય છે અને માછીમારોને વારંવાર આર્થિક નુકસાન વેઠવું પડે છે.

ખાંજણ વિસ્તારમાં ઉમરગામ નગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલ ડમ્પિંગ સાઈટ તાત્કાલિક બંધ કરવામાં આવે અને પ્રદૂષણ રોકવા તથા તાત્કાલિક દરિયા કિનારે સફાઈ પાલિકા દ્વારા હાથ ધરવામાં આવે તે માટે જરૂરી સૂચનો કરવા રજુઆત કરી હતી.

## ઉનાઈમાં ગરમ પાણીનાં ઝરણાં પુનઃ જીવંત થયાં



નિલેશ સુરતી

■ વાંસદાઃ વાંસદા ઉનાઈ ખાતે આવેલ ઐતિહાસિક ગરમ પાણીમાં ઝરા પુનઃ જીવંત થતા સ્થાનિક ભક્તોમાં ખુશીની લહેર છવાઈ હતી. ઉનાઈ માતાજીના મંદિર ખાતે આવેલ ગરમ પાણીના કૂંડ ઉનાળા દરમિયાન સૂકાઈ જતા હાલ ચોમાસામાં પહેલા જ વરસાદમાં કૂંડમાં ઝરણાં ફરીથી જીવંત થયા હતાં. ઉનાઈ ધામ સાથે એક એવી દંત કથા જોડાયેલી છે કે ભગવાન શ્રીરામ વનવાસ દરમિયાન ઉનાઇ ગામમાંથી પસાર થયા હતા ત્યારે સરભંગ ઋષિ સાથે તેમનો ભેટો થયો હતો. આ સરભંગ ઋષિ કુષ્ટ રોગથી પીડિત હતા અને નારાયણના નર સ્વરૂપમાં પ્રતિષ્ઠા કરતા હતા. આ સમયે આરાધ્યદેવ ભગવાન શ્રીરામના આગમનના સમાચાર મળવાની સાથે જ સરભંગ ઋષિ યોગબળથી પોતાનું શરીર બદલી કાઢી આરાધ્યદેવ શ્રીરામ ભગવાનના સત્કાર કરવામાં જોડાઈ ગયા હતા. ત્યારબાદ રાત્રિના સમયે લક્ષ્મણજીને એમના આશ્રમમાં કંઈક ગંધ આવતા તેમને ખબર પડી કે આ ઋષિમુનની કુષ્ટ રોગથી પીડિત અને ખૂબ જ દુઃખી છે, ત્યારબાદ ઋષિમુની પાસેથી તેમની સમગ્ર આપવીતી જાણ્યા બાદ લક્ષ્મણજીએ ત્યાંથી વિદાય વેળાએ ભગવાન શ્રીરામનું આ ઋષિમુની તરફ ધ્યાન દોર્યું હતું. આ દરમિયાન સીતા માતાએ સ્નાન કરવાની ઈચ્છા વ્યક્ત કરતા ભગવાન શ્રીરામે મંત્રોચ્ચાર સાથે પૃથ્વીના પેટાળમાં બાણ મારતા ઔષધીયુક્ત ગરમ પાણીના ઝરા નીકળ્યા હતા.

## અડધી રાત્રે પતિએ બે દીકરી સાથે પત્નીને કાઢી મૂકી

**વ્યસની** પતિના ત્રાસથી ત્રસ્ત મહિલાએ 181 અભયમ્નો સહકાર લીધો, આખરે સમાધાન સધાતા તૂટતો પરિવાર બચી ગયો હતો

વલસાડઃ જિલ્લાના ઉમરગામ તાલુકામાં મૂશળધાર વરસાદ દરમિયાન અડધી રાત્રે વ્યસનની કુટેવ ધરાવતા પતિએ પત્ની સાથે મારઝૂડ કરી બે નાની દીકરીઓ સાથે ઘર બહાર કાઢી મૂકતા મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો. સમયસરની મદદ અને અસરકારક કાઉન્સેલિંગના કારણે તૂટતો પરિવાર બચી ગયો હતો.

ઉમરગામ તાલુકાના એક ગામમાં રહેતી ૩૪ વર્ષીય મહિલાના વર્ષ ૨૦૧૨માં સામાજિક રીતે લગ્ન થયા હતા. આ દંપતીને બે દીકરીઓ છે. જેમાં મોટી દીકરી ૧૨ વર્ષની છે. મહિલા ગૃહિણી છે, જ્યારે તેમના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. પતિને વ્યસનની કુટેવ હોવાના કારણે તેઓ અવારનવાર નાની -મોટી બાબતોમાં ઝઘડો કરી પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા તેમજ ખોટી શંકાઓ કરી હેરાન કરતા હતાં.

ઘટનાના દિવસે પણ જમવાનું સારું બનાવ્યું નથી તેવા સામાન્ય કારણસર પતિએ પત્ની સાથે ઝઘડો કરી મારઝૂડ કરી હતી અને અડધી રાત્રે ધોધમાર વરસાદમાં પત્ની તથા બે નાની દીકરીઓને ઘર બહાર કાઢી મૂક્યા હતાં. વિકટ પરિસ્થિતિમાં મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરી મદદ માગી હતી.

ઘટનાની જાણ થતાં ૧૮૧ અભયમ ટીમ, વલસાડ દ્વારા સ્થળ પર પહોંચી બંને પક્ષોનું વિસ્તૃત કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. દીકરીઓના શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી પતિએ વ્યસન છોડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો તથા ભવિષ્યમાં પત્નીને કોઈપણ પ્રકારની હેરાનગતિ નહીં કરે તેવી ખાતરી આપી હતી. મહિલાએ પણ પોલીસ ફરિયાદ ન કરવાની ઇચ્છા વ્યક્ત કરતાં બંને પક્ષોની સંમતિથી સુખદ સમાધાન કરાવવામાં આવ્યું હતું.

## વેજલપુર હાઈવે પર અકસ્માતમાં 21 વર્ષીય યુવાનનું મોત, ટેમ્પો ચાલક ફરાર

નવસારીઃ નવસારીના વેજલપુર ગામ નજીક શેફોન લોજિસ્ટિક પાર્ક સામે 8 જુલાઈએ થયેલા માર્ગ અકસ્માતમાં 21 વર્ષીય ત્રિભુવનકુમાર ઉમેશ શાહ (મૂળ બિહાર)નું મોત થયું હતું. પોલીસ ફરિયાદ મુજબ, અશોક લેલેન્ડ ટેમ્પો (GJ-19-Y-1665)ના ચાલકે કથિત રીતે બેદરકારીપૂર્વક વાહન હંકારી હોન્ડા SP-125 બાઈક (GJ-21-DJ-4419)ને ટક્કર મારી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત બાદ ટેમ્પો ચાલક વાહન સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. ધીરજકુમાર રામરતન શાહની ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કબીલપોરમાં નવનિર્મિત રોડમાં ભૂવો પડતાં ભ્રષ્ટાચારની ગંધ આવી

**બે** મહિના પહેલા જ બનાવાયેલા રોડમાં ભૂવો પડતા સ્કૂલવાન ફસાઈ, દુર્ઘટના ટળી



નવસારીઃ નવસારીના કબીલપોર વિસ્તારમાં વોર્ડ નં. 5 ખાતે સરકારી શાળાની પાછળ આવેલા નવનિર્મિત રસ્તા પર અચાનક મોટો ભૂવો પડતાં સ્કૂલ વાન તેમાં ફસાઈ જવાની ઘટના બની હતી. સદનસીબે તે સમયે વાનમાં વિદ્યાર્થીઓ ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાએ શહેરમાં થઈ રહેલા રોડના કામોની ગુણવત્તા અને તેની તકનિકી દેખરેખ અંગે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ રસ્તાનું કામ અંદાજે બે મહિના પહેલાં જ પૂર્ણ થયું હતું. સામાન્ય રીતે નવો રોડ વર્ષો સુધી ટકવાની અપેક્ષા હોય છે, ત્યારે આટલા ટૂંકા ગાળામાં રસ્તો ધસી પડવાનું કારણ શું છે તે હવે તપાસનો વિષય બન્યો છે.

પ્રાથમિક દૃષ્ટિએ સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે ભારે વરસાદથી જમીન ધસી પડી હોઈ શકે છે અથવા રસ્તાની નીચેની સપાટીમાં કોઈ તકનિકી ખામી રહી ગઈ હોઈ શકે છે. આ અંગે સંબંધિત વિભાગ દ્વારા કોઈ સત્તાવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

ઘટના બાદ સ્થાનિકો કેટલાક મહત્વના પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. રસ્તાના કામ દરમિયાન ગુણવત્તાની ચકાસણી કોણે કરી હતી? કામ પૂર્ણ થયા બાદ તેનું તકનિકી નિરીક્ષણ થયું હતું કે નહીં? જો થયું હોય તો પછી બે મહિનામાં જ રસ્તો કેમ ધસી પડ્યો? તેમજ આ માર્ગ હજુ વોરંટી અથવા ડિફેક્ટ લાયબિલિટી સમયગાળામાં છે કે નહીં અને જો છે તો સમારકામનો ખર્ચ કોણ ઉઠાવશે? સ્થાનિકોએ સમગ્ર બાંધકામની સ્વતંત્ર તકનિકી તપાસ કરાવવાની માંગ કરી હતી.

## દમણના ભીમપોરમાં જુગાર રમતાં 16 પકડાયા, રૂ. 3.51 લાખ કબજે કરાયા

દમણઃ સંઘપ્રદેશ દમણ પોલીસે ભીમપોરના એક ગોડાઉનમાં ચાલતા જુગારધામ પર છાપો મારી 16 જુગારીઓની ધરપકડ કરી હતી. પોલીસે સ્થળ પરથી 3.71 લાખ રૂપિયા રોકડા, 13 મોબાઈલ ફોન સહિત 2 કાર અને જુગાર રમવાની સામગ્રીઓ સાથેનો મુદ્દામાલ જપ્ત કરી આ કામના એક મુખ્ય સુત્રધારને પણ દબોચી લીધો હતો.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, શુક્રવારે મોડી રાત્રી કડૈયા કોસ્ટલ પોલીસ સ્ટેશનની ટીમને ગુપ્તરાહે બાતમી મળી હતી કે, ભીમપોરના ભંડારવાડ વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાં મોટા પાયે જુગારધામ ધમધમી રહ્યું છે. આ પ્રમાણેની માહિતી મળતા જ પોલીસે દરોડો પાડી 16ને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.

## કોસીમપાડામાં ખેતરમાંથી ૧૯ કિલો લીલો ગાંજો ઝડપાયો

**પોતાના** ખેતરમાં ગાંજો વાવનારો યુવાન પકડાયો, 9.50 લાખનો ગાંજો જપ્ત કરાયો

ધરમપુરઃ ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા કોસીમપાડા ગામની સીમમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ખેતીલાયક જમીનમાંથી ગેરકાયદેસર રીતે વાવેતર કરાયેલા લીલા ગાંજાના ૨૦ છોડ ઝડપી પાડ્યા છે. જપ્ત કરાયેલા આ ગાંજાનું કુલ વજન ૧૯ કિલોગ્રામ છે, જેની બજાર કિંમત અંદાજે ૯,૫૦,૦૦૦ આંકવામાં આવી છે.

વલસાડ SOGના એ.એસ.આઈ. સયદભાઈ બાબનભાઈ અને અ.હે.કો. હસમુખભાઈ ગીગાભાઈને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે કોસીમપાડા ગામના બારીપાડા ફળિયામાં રહેતો એક ઈસમ પોતાની જમીનમાં ગાંજાનું વાવેતર કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ત્યાંથી



અજય શંકરભાઈ કુંવર (ઉ.વ. ૩૧, ધંધો-ડ્રાઈવીંગ, રહે. કોસીમપાડા, નિશાળ ફળિયું તથા બારીપાડા ફળિયું, તા. ધરમપુર)ને ઝડપી લીધો હતો.

પોલીસે ઘટના સ્થળેથી ૯,૫૦,૦૦૦ની કિંમતનો ૧૯ કિલો લીલો ગાંજો અને ૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન મળીને કુલ ૯,૫૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પકડાયેલા આરોપી અજય કુંવર વિરૂદ્ધ ધરમપુર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ની કલમ ૮(બી)(સી), ૨૦(એ), ૨૦(બી)(II)(B), અને ૨૯ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. વધુ તપાસ ધરમપુર પોલીસને સોંપાઈ છે.

### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજેઃ સદલાવ, તાલુકોઃ નવસારી, જીલ્લોઃ નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક નંબર (નવો) | બ્લોક નંબર (જુનો) | હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| સદલાવ | ૩૧૯ | ૨૩૩ | ૧-૧૦-૬૭ | ૬.૩૫ | ૬૭૬ |

ઉપરોક્ત વિગતવાળી જમીન ઈશ્વરભાઈ છગનભાઈ પટેલ નાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. જે જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો, ગણોતહકક કે લેણુ, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત, અધીકાર હોય તો તેમણે આજદિનથી દીન ૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી. અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં, જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૮-૦૭-૨૦૨૬ મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101